GJAR010012332023

| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૩/૦૬/૨૦૨૩ |
| નોંધ્યા તારીખ | ૨૩/૦૬/૨૦૨૩ |
| ફેંસલ તારીખ | ૦૩/૦૮/૨૦૨૩ |
| સમયગાળો | દિવસ–મહીનો–વર્ષ |
| | |

**અરવલ્લીના મહેરબાન એડીશ્નલ સેશન્સ જજશ્રી તથા**
**સ્પેશ્યલ જજ(પોક્સો)ની કોર્ટ સમક્ષ,**
**મુ.મોડાસા, જી. અરવલ્લી**

=====================================================

**–।। પોક્સો કેસ નં. ૪૨/૨૦૨૩ ।।–**

=====================================================

**આંક–**

**ફરિયાદીઃ–** શ્રી સરકાર

**વિરૂદ્ધ**

**આરોપીઃ–** **અરવિંદભાઇ સાયબાભાઇ દોઢીયાર** , ઉ.વ.૨૬
રહે.નવી વાંક તા.મેઘરજ જી.અરવલ્લી

=====================================================

**ગુનો:– ભારતીય દંડ સંહિતાની કલમ:– ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮, ૧૨, ૧૭ મુજબ**

=====================================================

- ફરિયાદી તરફે વિ. પ્રોસીક્યુટર શ્રી ડી.એસ.પટેલ.
- આરોપી તરફે વિ.ધારાશાસ્ત્રી શ્રી આર.એ.દેસાઇ

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૪–૦૨–૨૦૧૯ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૧૮–૦૩–૨૦૧૯ |
| આરોપનામાની તારીખ | ૨૩–૦૬–૨૦૨૩ |
| આરોપના ઘડતરની તારીખ | ૦૬–૦૭–૨૦૨૩ |
| પુરાવા પ્રારંભની તારીખ | ૨૦–૦૭–૨૦૨૩ |
| ચુકાદો અનામત રખાયાની તારીખ | ૦૧–૦૮–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૩–૦૮–૨૦૨૬ |
| સજાના હુકમની, જો કોઇ હોય તો તારીખ | – |

## આરોપીની વિગત

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | ૧ |
| આરોપીનું નામ | **અરવિંદભાઇ સાયબાભાઇ દોઢીયાર** |
| ધરપકડ થયાની તારીખ | ૨૬–૦૪–૨૦૨૩ |
| જામીન મુકત થયા તારીખ | ૧૧–૦૮–૨૦૨૩ |
| કરાયેલ આરોપ | ભારતીય દંડ સંહિતાની કલમ:– ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮, ૧૨, ૧૭ મુજબ |
| શું ગુના મુકત અથવા દોષિત ફરમાવેલી શિક્ષા | આખરી હુકમ મુજબ |
| ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૪૮૨ ના હેતુસર ટ્રાયલ દરમીયાન જોગવાઇ અટકાયતનો સમયગાળો | ૨૬–૦૪–૨૦૨૩ થી ૧૧–૦૮–૨૦૨૩ |

GJAR010003982021

सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૪/૦૨/૨૦૨૧ |
| નોંધ્યા તારીખ | ૨૪/૦૨/૨૦૨૧ |
| ફેંસલ તારીખ | ૦૩/૦૮/૨૦૨૩ |
| સમયગાળો | દિવસ–મહીનો–વર્ષ |
| | |

**અરવલ્લીના મહેરબાન એડીશ્નલ સેશન્સ જજશ્રી તથા**
**સ્પેશ્યલ જજ(પોક્સો)ની કોર્ટ સમક્ષ,**
**મુ.મોડાસા, જી. અરવલ્લી**

========================================================

**–।। પોક્સો કેસ નં.૧૨/૨૦૨૧ ।।–**

========================================================

**ફરિયાદીઃ–** શ્રી સરકાર

**વિરૂદ્ધ**

**આરોપીઃ–** **કેશાભાઈ લેબાભાઈ દોઢીયાર,** ઉ.વ.પર
રહે.નવી વાંક તા.મેઘરજ જી.અરવલ્લી

========================================================

**ગુનો:– ભારતીય દંડ સંહિતાની કલમ:– ૩૬૩, ૩૬૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા પોકસો એકટની કલમ– ૮, ૧૨, ૧૭ મુજબ**

========================================================

- ફરિયાદી તરફે વિ. પ્રોસીક્યુટર શ્રી ડી.એસ.પટેલ.
- આરોપી તરફે વિ.ધારાશાસ્ત્રી શ્રી એસ.એન.ડામોર

...3

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૪–૦૨–૨૦૧૯ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૧૮–૦૩–૨૦૧૯ |
| આરોપનામાની તારીખ | ૨૪–૦૨–૨૦૨૧ |
| આરોપના ધડતરની તારીખ | ૦૩–૦૯–૨૦૨૧ |
| પુરાવા પ્રારંભની તારીખ | ૨૦–૦૭–૨૦૨૩ |
| ચુકાદો અનામત રખાયાની તારીખ | ૦૧–૦૮–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૩–૦૮–૨૦૨૬ |
| સજાના હુકમની, જો કોઇ હોય તો તારીખ | – |

## આરોપીની વિગત

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | ૧ |
| આરોપીનું નામ | **કેશાભાઇ લેબાભાઇ દોઢીયાર** |
| ધરપકડ થયાની તારીખ | ૧૯–૦૧–૨૦૨૧ |
| જામીન મુકત થયા તારીખ | ૨૯–૦૧–૨૦૨૧ |
| કરાયેલ આરોપ | ભારતીય દંડ સંહિતાની કલમ:– ૩૬૩, ૩૬૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા પોક્સો એક્ટની કલમ– ૮, ૧૨, ૧૭ મુજબ |
| શું ગુના મુકત અથવા દોષિાત ફરમાવેલી શિક્ષા | આખરી હુકમ મુજબ |
| ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ– ૪૮૨ ના હેતુસર ટ્રાયલ દરમીયાન જોગવાઇ અટકાયતનો સમયગાળો | ૧૯–૦૧–૨૦૨૧ થી ૨૯–૦૧–૨૦૨૧ તથા ૨૬–૧૨–૨૦૨૫ થી ૦૩–૦૧–૨૦૨૬ |

## ફોર્મ–સી

**ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટ સાહેદોનું લીસ્ટ :–**

**(એ) ફરીયાદપક્ષ તરફે :–**

**–: ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો :–**

| સાહેદ નં. | આંક | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૧૦ | ડો.નિધીબેન ભરતકુમાર પટેલ | તબીબી સાહેદ |
| ૨. | ૨૦ | ડો.મેહુલભાઇ દેવકરણભાઇ પટેલ | તબીબી સાહેદ |
| ૩. | ૨૯ | ભોગબનનારના પિતા | ફરીયાદી |
| ૪. | ૫૦ | યામીનીબેન ભરતભાઇ પટેલ | પંચસાહેદ |
| ૫. | ૫૩ | લુહાર મહંમદહુસેન વજીરભાઇ | શાળાના આચાર્ય |
| ૬. | ૫૬ | શારદાબને રમેશભાઇ ખાંટ | ભોગબનનારની માતા |
| ૭. | ૫૭ | ભોગબનનાર | ભોગબનનાર |
| ૮. | ૫૯ | એસ.એચ.શર્મા | પોલીસ સાહેદ |
| ૯. | ૬૧ | એમ.ડી.પંચાલ | ત.ક.અમલદાર |

**(એ) બચાવપક્ષ તરફે :–**

| સાહેદ નં. | આંક | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| – | – | - | – |

**(એ) કોર્ટ સાહેદો તરફે :–**

| સાહેદ નં. | આંક | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| – | – | - | – |

## –: ફરીયાદપક્ષ તરફે અંકે પડેલા દસ્તાવેજી પુરાવો :–

| નંબર | આંક | દસ્તાવેજની વિગત | કયા સાહેદમાં પુરવાર થયેલ છે. |
|---|---|---|---|
| ૧. | ૧૧ | આરોપીનું શારીરીક તપાસણી માટેની યાદી | સાહેદ નં.૧ |
| ૨. | ૧૨ | આરોપીના કેસ પેપર | સાહેદ નં.૧ |
| ૩. | ૧૩ | એફ.એસ.એલ. ફોરવડીંગ લેટર | સાહેદ નં.૧ |
| ૪. | ૧૪ | આરોપીનું શારીરીક તપાસણી સર્ટીફીકેટ | સાહેદ નં.૧ |
| ૫. | ૧૫ | ભોગબનનારનું શારીરીક તપાસણી માટેની યાદી | સાહેદ નં.૧ |
| ૬. | ૧૬ | ભોગબનનારના કેસ પેપર | સાહેદ નં.૧ |
| ૭. | ૧૭ | એફ.એસ.એલ. ફોરવડીંગ લેટર | સાહેદ નં.૧ |
| ૮. | ૧૮ | ભોગબનનારનું શારીરીક તપાસણી સર્ટીફીકેટ | સાહેદ નં.૧ |
| ૯. | ૧૯ | રીફર શીટ | સાહેદ નં.૧ |
| ૧૦. | ૨૨ | ભોગબનનારનું શારીરીક તપાસણી માટેની યાદી | સાહેદ નં.૨ |
| ૧૧. | ૨૩ | ભોગબનનારના કેસ પેપર | સાહેદ નં.૨ |
| ૧૨. | ૨૪ | ભોગબનનારનું શારીરીક તપાસણી સર્ટીફીકેટ | સાહેદ નં.૨ |
| ૧૩. | ૩૦ | ફરીયાદ | સાહેદ નં.૩ |
| ૧૪. | ૫૧ | આરોપીની શરીર સ્થિતીનું પંચનામું | સાહેદ નં.૪ |
| ૧૫. | ૫૨ | ભોગબનનનરની શરીર સ્થિતીનું | સાહેદ નં.૪ |

| | | | |
|---|---|---|---|
| | | પંચનામું | |
| ૧૬. | ૫૪ | ભોગબનનારનો શાળાનો દાખલો | સાહેદ નં.૫ |
| ૧૭. | ૫૫ | શાળાના જનરલ રજીસ્ટરની નકલ | સાહેદ નં.૫ |
| ૧૮. | ૫૮ | સી.આર.પી.સી.ની કલમ ૧૬૪ મુજબનું ભોગબનનારનું નિવેદન | સાહેદ નં.૭ |
| ૧૯. | ૬૦ | સુચિપત્ર | સાહેદ નં.૮ |
| ૨૦. | ૬૨ | કલમ ઉમેરાનો રીપોર્ટ | સાહેદ નં.૯ |
| ૨૧. | ૬૩ | મુદ્દામાલ રવાનગીપત્રક | સાહેદ નં.૯ |
| ૨૨. | ૬૪ | મુદ્દામાલ મળ્યાની પહોંચ | સાહેદ નં.૯ |
| ૨૩. | ૬૫ | એફ.એસ.એલ. ફોરવડીંગ લેટર | સાહેદ નં.૯ |
| ૨૪. | ૬૬ | બાયોલોજી અને સીરોલોજી પૃથ્થકરણ અહેવાલ | સાહેદ નં.૯ |

**-: બચાવપક્ષ તરફે અંકે પડેલા દસ્તાવેજી પુરાવો :-**

| **નંબર** | **આંક** | **દસ્તાવેજની વિગત** | **કયા સાહેદમાં પુરવાર થયેલ છે.** |
|---|---|---|---|
| – | - | - | – |

**-: કોર્ટ તરફે અંકે પડેલા દસ્તાવેજી પુરાવો :-**

| **નંબર** | **આંક** | **દસ્તાવેજની વિગત** | **કયા સાહેદમાં પુરવાર થયેલ છે.** |
|---|---|---|---|
| – | - | - | – |

## :JUDGMENT:

(૧) આરોપીઓ **ભારતીય દંડ સંહિતાની કલમઃ– ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા પોકસો એકટની કલમ– ૪, ૬, ૮, ૧૨, ૧૭** મુજબના શિક્ષા પાત્ર ગુના અંગેની ઇન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલ છે.

(૨) **ફરીયાદ મુજબ ટૂંકમાં હકીકત એ પ્રકારે છે કે,** આ કામના આરોપી અરવિંદભાઇનાએ તા.૨૪/૦૨/૨૦૧૯ ના કલાક ૧૮/૦૦ વાગ્યાના અરસામાં મોજે વાસણા ગામેથી આ કામના ફરીયાદીની ભોગબનનાર દીકરી ઉ.વ.૧૫ વર્ષ ૦૨ માસની સગીર હોવાનુ જાણવા છતાં તેણી ઉપર નજર રાખી, તેણીને લગ્ની લાલચ આપી, લલચાવી ફોસલાવી ફરીયાદીના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઇ જઇ, ભોગબનનાર સાથે અવારનવાર શરીર સંભોગ કરી બળાત્કાર કરેલ તેમજ સહઆરોપી કેશાભાઈએ ગુનો કરવામાં મદદગારી કરી ફરીયાદી સાહેદોને બીભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરેલ હોવાનો આક્ષેપ રહેલ છે.

(૩) તપાસ કરનાર અધિકારીશ્રી દ્વારા તપાસના અંતે આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ. આરોપીઓને જેલમાંથી મુદતે હાજર રખાવતા આરોપીઓને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. તેમજ હાલના ચાર્જશીટ સાથેના તમામ પોલીસ કાગળોની વિનામુલ્યે નકલો આ કામના આરોપીઓને પુરી પાડવામાં આવેલ છે.

(૪) આ કામે **આંક–૦૬** થી આરોપી અરવિંદભાઇ સાયબાભાઇ દોઢીયાર વિરૂદ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ:– ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮, ૧૨, ૧૭** મુજબના ગુન્હા સબબ તહોમત ફરમાવવા માટે પુરતા અને વ્યાજબી કારણો જણાતા હોય તહોમત ફરમાવેલ અને તેનો **આંક–૦૭** થી જવાબ લેતા તેણે ગુનાનો ઈન્કાર કરેલ છે.

જયારે આ કામે **આંક–૦૯** થી આરોપી કેશાભાઇ લેબાભાઇ દોઢીયાર વિરૂદ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ:– ૩૬૩, ૩૬૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા પોકસો એકટની કલમ– ૮, ૧૨, ૧૭** મુજબના ગુન્હા સબબ તહોમત ફરમાવવા માટે પુરતા અને વ્યાજબી કારણો જણાતા હોય મદદગારી સહીતનું તહોમત ફરમાવેલ અને તેનો **આંક–૧૦** થી જવાબ લેતા તેણે ગુનાનો ઈન્કાર કરેલ છે અને ત્યારબાદ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ વિ.પ્રોસીકયુટરશ્રીએ પોકસો કેસ નં.૪૨/૨૦૨૩ તથા પોકસો કેસ નં.૧૨/૨૦૨૧ એક સાથે ચલાવવાની આંક–૦૮ થી અરજી આપતા જે અરજી નામદાર કોર્ટે મંજુર કરેલ અને પોકસો કેસ નંબર ૧૨/૨૦૨૧ નો પુરાવો પોકસો કેસ નંબર ૪૨/૨૦૨૩ માં એકસાથે લેવા હુકમ કરેલ.

(૬) ત્યારબાદ વિ.પ્રોસીક્યુટરશ્રી દ્વારા **આંક–૬૭** થી પુરાવો બંધ કરવાની પુરસીસ આપેલ છે. ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીઓના સી.આર.પી.સી.ની કલમ–૧૬૪ અન્વયે વિશેષ નિવેદનો નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓને તેમના વિરૂદ્ધ પડેલ પુરાવા સબબ ખુલાસો કરવાનું

જણાવતા આરોપીઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે. તેઓને ખોટી રીતે સંડોવવામાં આવેલ છે.

## (૭) <u>ફરીયાદ પક્ષની દલીલો</u> –

ફરીયાદપક્ષ તરફે વિ.પ્રોસીકયુટર શ્રી ડી.એસ.પટેલનાએ એવી દલીલ કરેલ છે કે, આરોપીઓ સામેનું તહોમતનામું પુરવાર થતુ હોય તથા ડોકટરી પુરાવો હોય સજા કરવા માંગણી કરેલ છે.

## (૮) <u>બચાવ પક્ષની દલીલો</u> –

આ કામે બચાવપક્ષના વિ.વ.શ્રી.આર.એ.દેસાઈ અને એસ.એન.ડામોરને સાંભળ્યા. તેઓ પોતાની દલીલમાં જણાવેલ છે કે, આરોપીઓ  સામેનો કેસ પુરવાર થતો નથી. મહત્વના સાહેદો ફરીયાદી વિગેરે હોસ્ટાઈલ જાહેર થયેલ છે જેથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

આ કામે બન્ને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની મૌખિક દલીલો તેમજ રજુ થયેલ રેકર્ડ/પુરાવાઓ ધ્યાને લેતા નીચે મુજબના મુદ્દાઓના નિર્ણય કરવાના રહે છે.

## –:: મુદ્દાઓ ::–

**મુદ્દા નં.૧ઃ–** શું ફરિયાદ પક્ષ એ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી અરવિંદભાઈનાએ તા.૨૪/૦૨/૨૦૧૯ ના કલાક ૧૮/૦૦  વાગ્યાના અરસામાં મોજે વાસણા ગામેથી આ કામના ફરીયાદીની ભોગબનનાર દીકરી ઉ.વ.૧૫ વર્ષ ૦૨

માસની સગીર હોવાનુ જાણવા છતાં તેણી ઉપર નજર રાખી, તેણીને લગ્ની લાલચ આપી, લલચાવી ફોસલાવી ફરીયાદીના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઈ જઈ, ભોગબનનાર સાથે અવારનવાર શરીર સંભોગ કરી બળાત્કાર કરેલ તેમજ સહઆરોપી કેશાભાઈએ ગુનો કરવામાં મદદગારી કરી ફરીયાદી સાહેદોને બીભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરી **ભારતીય દંડ સંહિતાની કલમ:- ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા પોકસો એકટની કલમ-૪, ૬, ૮, ૧૨, ૧૭** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો આ અદાલતની હકુમતમાં કરેલ છે?

**મુદ્દા નં.૨-** મુદ્દામાલ અંગે શું હુકમ ?

**મુદ્દા નં.૩-** શું આખરી હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧ :- નકારમાં**

**મુદ્દા નં.૨ :- આખરી હુકમ મુજબ**

**મુદ્દા નં.૩ :- આખરી હુકમ મુજબ**

## -:: કારણો ::-

**(૧૦)** આ કામે આરોપી અરવિંદભાઈનાએ તા.૨૪/૦૨/૨૦૧૯ ના કલાક ૧૮/૦૦ વાગ્યાના અરસામાં મોજે વાસણા ગામેથી આ કામના ફરીયાદીની ભોગબનનાર દીકરી ઉ.વ.૧૫ વર્ષ ૦૨ માસની સગીર હોવાનુ જાણવા છતાં

તેણી ઉપર નજર રાખી, તેણીને લગ્ની લાલચ આપી, લલચાવી ફોસલાવી ફરીયાદીના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઈ જઈ, ભોગબનનાર સાથે અવારનવાર શરીર સંભોગ કરી બળાત્કાર કરેલ તેમજ સહઆરોપી કેશાભાઈએ ગુનો કરવામાં મદદગારી કરી ફરીયાદી સાહેદોને બીભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરી **ભારતીય દંડ સંહિતાની કલમઃ– ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮, ૧૨, ૧૭** મુજબના ગુનાનો આક્ષેપ રહેલો છે.

**(૧૧)** કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, **નામદાર સર્વોચ્ચ અદાલતના એ.આઈ.આર. ૧૯૭૭, સુપ્રિમ કોર્ટ, પાન નં.૧૭૦ ઉપરના રવિકુમાર વિરુધ્ધ સ્ટેટ ઓફ ઓરીસ્સા**ના જજમેન્ટ મુજબ ફોજદારી ન્યાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ક્રિમિનલ ટ્રાયલમાં આરોપી સામે ફરમાવેલ તહોમતનામા મુજબના ગુન્હાઓ આરોપીએ કરેલ હોવાનું નિ:શંકપણે ફરિયાદપક્ષે તેઓ તરફે રજુ કરેલ પુરાવા દ્વારા પુરવાર કરવાનું હોય છે અને ફરિયાદપક્ષે આરોપીના બચાવની નિર્બળતાથી પોતાનો કેસ પુરવાર કરવાનો લાભ મળી શકતો નથી અને આરોપી સામેના ગુન્હાઓ પુરવાર થાય નહીં ત્યાં સુધી આરોપી નિર્દોષ હોવાનું માનવુ પડે. આમ, ઉપરોકત જજમેન્ટ મુજબ ફરિયાદપક્ષ ઉપર તહોમતનામું પુરવાર કરવાની જવાબદારી રહે છે. આમ, ઉપરોકત ચુકાદો જોતાં આ કામે ફરિયાદપક્ષે આરોપી સામે **આંક–૭ તથા આંક–૯** નું તહોમતનામું પુરવાર કરવા માટે જે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે તે પુરાવાના આધારે આરોપી સામેનો કેસ ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકે છે કે કેમ અને તે પુરાવો આરોપી

સામે વિશ્વાસનીય હોવાનું ફલીત થાય છે કે કેમ તેનો નિર્ણય ફરિયાદપક્ષે આ કામે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજ પુરાવાનું મુલ્યાંકન કરી તેને આધારે કરવાનો રહે છે.

આ કામે નામદાર સર્વોચ્ચ અદાલત તથા અન્ય ઉચ્ચ અદાલતોના ચુકાદાઓમાં કાયદાના પ્રતિપાદીત થયેલા સિધ્ધાંતો જેમાં સહમતી, સેકસુઅલ એસોલ્ટ, બાળકની ઓળખ અંગે રક્ષણ, ઝડપી ટ્રાયલનો અધિકાર વિગેરે અંગે જે માર્ગદર્શક સિધ્ધાંતો આપેલા છે તે પણ ધ્યાને લેવાના રહેશે જેમાં મુખ્યત્વે નીચે પ્રમાણેના છે.

1. **Age of Consent** & **Statutory RapeIndependent** Thought v. Union of India (2017): The Supreme Court ruled that the **age of consent is** 18 **years, irrespective of marriage**. **The court held that sexual intercourse with a minor wife (below** 18**)** constitutes rape, upholding the constitutionality of the POCSO Act over personal laws.
2. **Definition of "Sexual Assault**"Eera v. State (NCT of Delhi) (2017): The Supreme Court clarified the definition of "penetrative sexual assault" under Section 4 of POCSO. The Court ruled that the intent of the perpetrator is key, and any physical contact with sexual intent, even if it does not strictly fit traditional anatomical definitions, can be legally categorized as assault.
3. **Protection of Child Identity** & Trial Fairness Nipun Saxena v. Union of India (2019): The Supreme Court laid down strict, nationwide guidelines for protecting the identity of child victims. The Court mandated that media, police, and courts must not reveal the identity, names, or addresses of victims

to ensure they are shielded from trauma and social stigma.

**Alakh Alok Srivastava v. Union of India** (2018): The Supreme Court issued guidelines to ensure speedy trials, emphasizing the protection of the child's dignity, preventing repeated trauma during investigations, and limiting aggressive

Evidence and Sentencing

**Satish Ragde v. State of Maharashtra** (2021): The Supreme Court laid down principles regarding the appreciation of child witnesses, reinforcing that the uncorroborated testimony of a child victim can be the sole basis for a conviction if it is found to be truthful and trustworthy.

**ભોગ બનનારની ઉંમર અંગે**

**P. Yuvaprakash Vs. State represented by Inspector of Police**
**[Criminal Appeal No(s). 1898 of 2023]**
**S. Ravindra Bhat, J.**

ઉપરોક્ત નામદાર શ્રી સુપ્રિમ કોર્ટના ચુકાદાના ભોગબનનારની ઉંમર નકકી કરવા અંગેના દર્શાવેલ સિધ્ધાંતોના લાગુ પડતા પેરા નીચે પ્રમાણે છે.

11. Before discussing the merits of the contentions and evidence in this case, it is necessary to extract Section 34 of the POCSO Act which reads as follows:

34. Procedure in case of commission of offence by child and determination of age by Special Court.—

(1) Where any offence under this Act is committed by a child, such child shall be dealt with under the provisions of the Juvenile Justice (Care and Protection of Children) Act, 2015 (2 of 2016)

(2) If any question arises in any proceeding before the Special Court whether a person is a child or not, such question shall be determined by the Special Court after satisfying itself about the age of such person and it shall record in writing its reasons for such determination.

(3) No order made by the Special Court shall be deemed to be invalid merely by any smination, by seeking evidence by obtaining–

(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examination Board, if available; and in the absence thereof;
(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board:

Provided such age determination test conducted on the order of the Committee or the Board shall be completed within fifteen days from the date of such order.

(3) The age recorded by the Committee or the Board to be the age of person so brought before it shall, for the purpose of this Act, be deemed to be the true age of that person."

13.It is evident from conjoint reading of the above provisions that wherever the dispute with respect to the age of a person arises in the context of her or him being a victim under the POCSO Act, the courts have to take recourse to the steps indicated in

Section 94 of the JJ Act. The three documents in order of which the Juvenile Justice Act requires consideration is that the concerned court has to determine the age by considering the following documents:

"(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examination Board, if available; and in the absence thereof;

(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination testconducted on the orders of the Committee or the Board".100

Section 94 (2)(iii) of the JJ Act clearly indicates that the date of birthcertificate from the school or matriculation or equivalent certificate by the concerned examination board has to be firstly preferred in the absence of which the birth certificate issued by the Corporation or Municipal Authority or Panchayat and it is only thereafter in the absence of these such documents the age is to be determined through "an ossification test" or "any other latest medical age determination test" conducted on the orders of the concerned authority, i.e. Committee or Board or Court.

તેમજ અન્ય ભોગબનનારની ઉંમર નકકી કરવા અંગેના જુદા જુદા ચુકાદામાં રહેલ માર્ગદર્શક સિધ્ધાંતો :–

**બળાત્કાર પીડિતાની ઉંમર નક્કી કરવાના મુદ્દા પર, મહાદેવ વિ.માં સુપ્રીમ કોર્ટના** ચુકાદાનો સંદર્ભ લઈ શકાય છે . મહારાષ્ટ્ર રાજ્ય અને Anr. (2013) 4 SCC 637 માં જાણ કરવામાં આવી છે , જેમાં એવું માનવામાં આવ્યું છે કે નિયમો (12)(3)(a)(i)થી (iii) હેઠળ વર્ણવેલ વૈકલ્પિક પદ્ધતિઓની ગેરહાજરીમાં જ, તબીબી અભિપ્રાય માંગી શકાય છે અને અન્ય કોઈ કિસ્સામાં. ઉપરોક્ત ગુણોત્તર મધ્યપ્રદેશ રાજ્યમાં સર્વોચ્ચ અદાલત દ્વારા અનુસરવામાં આવ્યું છે . વિ. અનૂપ સિંઘે (2015) 7 SCC 773 માં અહેવાલ આપ્યો છે , જેમાં તે જોવામાં આવ્યું છે કે :

**" મહાદેવ એસ/ઓ. કે રબા મસ્કે વિ. મહારાષ્ટ્ર રાજ્ય અને એનઆરના કે સમાં આ અદાલતે : (2013) 14 SCC 637,** તે જુવેનાઇલ જસ્ટિસ (બાળકોની સંભાળ અને રક્ષણ) નિયમોના નિયમ 12(3)ને માન્ય રાખ્યું છે. 2007, બળાત્કારનો ભોગ બનેલી વ્યક્તિની ઉંમર નક્કી કરવા માટે લાગુ પડે છે . નિયમ 12(3) નીચે મુજબ વાંચે છે :

નિયમ 12(3): કાયદા સાથે સંઘર્ષમાં રહે લા બાળક અથવા કિશોર સંબધિ

ત દરેક કેસમાં, વય નિર્ધારણ તપાસ કોર્ટ અથવા બોર્ડ દ્વારા અથવા, જેમ બને તેમ, સમિતિ દ્વારા પુરાવા માંગીને હાથ ધરવામાં આવશે–

(a) (i) મેટ્રિક અથવા સમકક્ષ પ્રમાણપત્રો, જો ઉપલબ્ધ હોય તો; અને જેની ગેરહાજરીમાં;

(ii) શાળામાંથી જન્મતારીખ (પ્લે સ્કૂલ સિવાય) પ્રથમ હાજરી આપી હતી; અને જેની ગેરહાજરીમાં;

(iii) કોર્પોરેશન અથવા મ્યુનિસિપલ ઓથોરિટી અથવા પંચાયત દ્વારા આપવામાં આવેલ જન્મ પ્રમાણપત્ર;

(b)(૨૧) અને માત્ર ઉપરોક્ત કલમ (a) ની (i), (ii) અથવા (iii) ની ગેરહાજરીમાં, તબીબી અભિપ્રાય યોગ્ય રીતે રચાયેલ મેડિકલ બોર્ડ પાસેથી માંગવામાં આવશે, જે કિશોરની ઉંમર જાહેર કરશે અથવા બાળક. જો ઉંમરનું ચોક્કસ મૂલ્યાંકન કરી શકાતું

> નથી, તો કોર્ટ અથવા બોર્ડ અથવા, જેમ બને તેમ, સમિતિ, તેમના દ્વારા નોંધવાના કારણો માટે , જો જરૂરી જણાય તો, બાળક અથવા કિશોરને લાભ આપી શકે છે. એક વર્ષના માર્જિનની અંદર તેની/તેણીની ઉંમરને ધ્યાનમાં લેતા અને, આવા કે સમાં આદેશો પસાર કરતી વખતે, ઉપલબ્ધ હોઈ શકે તેવા પુરાવાને ધ્યાનમાં લીધા પછી, અથવા તબીબી અભિપ્રાય, જેમ કે કેસ હોઈ શકે , તેની ઉંમરના સંદર્ભમાં અને કોઈપણ પુરાવામાં ઉલ્લેખિત પુરાવાઓમાંથી કોઈ એક તારણ રેકોર્ડ કરશે. કલમો (a)(i), (ii), (iii) અથવા તેની ગેરહાજરીમાં, કલમ (b) એ આવા બાળક અથવા કાયદા સાથે સંઘર્ષમાં રહેલા કિશોરના સંબંધમાં વયનો નિર્ણાયક પુરાવો હશે.ubsequent proof that the age of a person as determined by it under sub–section (2) was not the correct age of that person."

**(૧૨)** આ કામે પુરાવા અંગેની વિસ્તૃત ચર્ચાઓ કરતાં પહેલાં ઉપરોકત કલમોનાં આવશ્યક તત્વો/વ્યાખ્યા ઘ્યાને લેવી જરૂરી હોઈ, જે તત્વો/વ્યાખ્યા નીચે પ્રમાણે છે. આ કામે આરોપી વિરુઘ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩** મુજબનાં શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત છે ત્યારે **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩** ની રચના ઘ્યાને લેતાં, તે નીચે મુજબ છે.

> જે કોઈ ભારતમાંથી અથવા કાયદેસર વાલીપણામાંથી કોઈપણ વ્યક્તિનું અપહરણ કરે છે, તેને સાત વર્ષ સુધીની મુદત માટે કોઈપણ વર્ણનની જેલની સજા કરવામાં આવશે, અને તે દંડને પણ પાત્ર રહેશે.

આ કામે આરોપીઓ વિરુઘ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૬** મુજબનાં શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત છે ત્યારે **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૬** ની રચના ઘ્યાને લેતાં નીચે મુજબ છે :

જે કોઈ પણ સ્ત્રીને બળજબરીથી અથવા તેણીને ફરજ પાડવામાં આવશે તેવી શક્યતા જાણતા, તેણીની મરજી વિરુદ્ધ કોઈપણ વ્યક્તિ સાથે લગ્ન કરવા, અથવા તેણીને ગેરકાયદેસર સંભોગ માટે બળજબરીથી અથવા લલચાવી શકાય તે હેતુથી, અથવા જાણીને અપહરણ અથવા અપહરણ કરે છે. તે સંભવિત છે કે તેણીને ગેરકાયદેસર સંભોગ માટે બળજબરીથી અથવા લલચાવવામાં આવશે, તેને દસ વર્ષ સુધી લંબાવી શકે તેવી મુદત માટે કોઈપણ વર્ણનની કેદની સજા કરવામાં આવશે, અને તે દંડને પણ જવાબદાર રહેશે; અને જે કોઈ પણ, આ કોડમાં વ્યાખ્યાયિત કરાયેલા ગુનાહિત ધાકધમકી દ્વારા અથવા સત્તાના દુરુપયોગ દ્વારા અથવા ફરજિયાત કોઈપણ પદ્ધતિ દ્વારા, કોઈપણ મહિલાને તે હોઈ શકે તેવા ઈરાદા સાથે કોઈપણ જગ્યાએથી જવા માટે પ્રેરિત કરે છે, અથવા તે જાણતા હોઈ શકે છે કે તે હોઈ શકે છે., અન્ય વ્યક્તિ સાથે ગેરકાયદેસર સંભોગ માટે બળજબરીપૂર્વક અથવા લલચાવવું પણ ઉપરોક્ત મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

આ કામે આરોપીઓ વિરુધ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬(૨)(એન) તથા ૩૭૬(૩)** મુજબનાં શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત છે ત્યારે **ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬(૨)(એન) તથા ૩૭૬(૩)** ની રચના ધ્યાને લેતાં, તે નીચે મુજબ છે.

**ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬ :-**

(1) પેટા-કલમ (2) દ્વારા પૂરા પાડવામાં આવેલ કેસો સિવાય જે કોઈ બળાત્કાર કરે છે તેને સાત વર્ષથી ઓછી ન હોય તેવી મુદત માટે કોઈપણ વર્ણનની કેદની સજા કરવામાં આવશે પરંતુ જે આજીવન અથવા તે મુદત માટે હોઈ શકે છે. દસ વર્ષ સુધી લંબાવી શકે છે અને દંડ માટે પણ જવાબદાર રહેશે.

(2) જે કોઇ, - (a) પોલીસ અધિકારી હોવાના કારણે બળાત્કાર થાય છે- (i) જે પોલીસ સ્ટેશનમાં તેની નિમણૂક કરવામાં આવી

છે તેની હદમાં; અથવા (ii) જે પોલીસ સ્ટેશનમાં તેની નિમણૂક કરવામાં આવી છે તે પોલીસ સ્ટેશનમાં સ્થિત છે કે નહીં તે કોઈપણ સ્ટેશન હાઉસના પરિસરમાં; અથવા (iii) તેની કસ્ટડીમાં અથવા તેને ગૌણ પોલીસ અધિકારીની કસ્ટડીમાં રહેલી મહિલા પર; અથવા

(b) જાહેર સેવક હોવાને કારણે, આવા જાહેર સેવકની કસ્ટડીમાં અથવા આવા જાહેર સેવકના ગૌણ જાહેર સેવકની કસ્ટડીમાં સ્ત્રી પર બળાત્કાર કરે છે; અથવા

(c) કેન્દ્ર અથવા રાજ્ય સરકાર દ્વારા વિસ્તારમાં તૈનાત સશસ્ત્ર દળોના સભ્ય હોવાને કારણે આવા વિસ્તારમાં બળાત્કાર થાય છે; અથવા

(d) જેલ, રિમાન્ડ હોમ અથવા અન્ય કોઈ કાયદા દ્વારા અથવા તે હેઠળ સ્થાપિત કસ્ટડીના અન્ય સ્થાન પર અથવા મહિલા અથવા બાળકોની સંસ્થાના મેનેજમેન્ટ પર હોવાને કારણે, આવી જેલના કોઈપણ કેદી પર બળાત્કાર કરે છે., રિમાન્ડ હોમ, સ્થળ અથવા સંસ્થા; અથવા

(e) હોસ્પિટલના મેનેજમેન્ટ અથવા સ્ટાફ પર હોવાને કારણે, તે હોસ્પિટલમાં મહિલા પર બળાત્કાર કરે છે; અથવા

(f) સંબંધી, વાલી અથવા શિક્ષક હોવાને કારણે, અથવા સ્ત્રી પ્રત્યે વિશ્વાસ અથવા સત્તાની સ્થિતિ ધરાવતી વ્યક્તિ, આવી સ્ત્રી પર બળાત્કાર કરે છે; અથવા

(g) સાંપ્રદાયિક અથવા સાંપ્રદાયિક હિંસા દરમિયાન બળાત્કાર કરે છે; અથવા

(h) સ્ત્રી ગર્ભવતી હોવાનું જાણીને તેના પર બળાત્કાર કરે છે; અથવા

(i) જ્યારે સ્ત્રી સોળ વર્ષથી ઓછી હોય ત્યારે તેના પર બળાત્કાર કરે છે; અથવા

(j) સામૂહિક બળાત્કાર કરે છે; અથવા

(K) સંમતિ આપવા માટે અસમર્થ સ્ત્રી પર બળાત્કાર કરે છે; અથવા

(I) સ્ત્રી પર નિયંત્રણ અથવા પ્રભુત્વની સ્થિતિમાં હોવાથી, આવી સ્ત્રી પર બળાત્કાર કરે છે; અથવા |

(m) માનસિક અથવા શારીરિક અક્ષમતાથી પીડાતી સ્ત્રી પર બળાત્કાર કરે છે; અથવા

(n) જ્યારે બળાત્કાર કરવાથી ગંભીર શારીરિક નુકસાન થાય છે અથવા અપંગ બને છે અથવા સ્ત્રીના જીવનને જોખમમાં મૂકે છે; અથવા

(o) એક જ સ્ત્રી પર વારંવાર બળાત્કાર કરે છે, દસ વર્ષથી ઓછી ન હોય તેવી મુદત માટે સખત કેદની સજા કરવામાં આવશે પરંતુ જે આજીવન હોઈ શકે છે અને દંડને પાત્ર પણ રહેશે. સમજૂતી.—આ પેટા–વિભાગના હેતુઓ –

(a) "સશસ્ત્ર દળો" નો અર્થ નૌકાદળ, સૈન્ય અને હવાઈ દળો છે અને તેમાં અર્ધલશ્કરી દળો અને કેન્દ્રના નિયંત્રણ હેઠળના કોઈપણ સહાયક દળો સહિત, વર્તમાન સમય માટે અમલમાં રહેલા કોઈપણ કાયદા હેઠળ રચાયેલા સશસ્ત્ર દળોના કોઈપણ સભ્યનો સમાવેશ થાય છે. સરકાર અથવા રાજ્ય સરકાર; (b) "હોસ્પિટલ" નો અર્થ છે હોસ્પિટલની હદ અને સાજા થવા દરમિયાન અથવા તબીબી સારવાર અથવા પુનર્વસનની જરૂર હોય તેવા વ્યક્તિઓના સ્વાગત અને સારવાર માટે કોઈપણ સંસ્થાના વિસ્તારનો સમાવેશ થાય છે; (c) પોલીસ અધિનિયમ, 1861 હેઠળ "પોલીસ" અભિવ્યક્તિને સોંપવામાં આવેલો અર્થ ' પોલીસ અધિકારી" નો એ જ અર્થ હશે; (d) "મહિલા અથવા બાળકોની સંસ્થા" એટલે એક સંસ્થા, પછી ભલેને અનાથાશ્રમ કહેવાય અથવા ઉપેક્ષિત મહિલાઓ અથવા બાળકો માટેનું ઘર અથવા વિધવા ઘર અથવા

અન્ય કોઈ નામથી ઓળખાતી સંસ્થા, જે મહિલાઓના સ્વાગત અને સંભાળ માટે સ્થાપિત અને જાળવવામાં આવે છે. અથવા બાળકો. (e) જ્યાં કોઈ મહિલા પર એક અથવા વધુ વ્યક્તિઓ દ્વારા તેમના સામાન્ય ઈરાદાને આગળ વધારવામાં કૃત્ય કરવામાં આવે છે, ત્યાં દરેક વ્યક્તિએ આ પેટા–કલમના અર્થમાં સામૂહિક બળાત્કાર કર્યો હોવાનું માનવામાં આવશે. ગુનાનું વર્ગીકરણ (1) બળાત્કાર –– સાત વર્ષથી ઓછી ન હોય તેવી સખત કેદની પરંતુ જે આજીવન અને દંડની સજા થઈ શકે છે –– કોગ્નિઝેબલ –– બિન–જામીનપાત્ર –– સત્રની અદાલત (2) પોલીસ અધિકારી અથવા જાહેર સેવક અથવા સશસ્ત્ર દળો અથવા જેલ, રિમાન્ડ હોમ અથવા કસ્ટડીની અન્ય જગ્યા અથવા મહિલા અથવા બાળકોની સંસ્થાના મેનેજમેન્ટ અથવા સ્ટાફ પર હોય તેવી વ્યક્તિ દ્વારા બળાત્કાર અથવા હૉસ્પિટલના સ્ટાફ પર, અને બળાત્કારનો ભોગ બનેલી વ્યક્તિ પ્રત્યે વિશ્વાસ અથવા સત્તાની સ્થિતિમાં વ્યક્તિ દ્વારા અથવા બળાત્કારનો ભોગ બનેલી વ્યક્તિના નજીકના સંબંધી દ્વારા આચરવામાં આવેલ બળાત્કાર – દસ વર્ષથી ઓછી નહીં પરંતુ આજીવન કેદની સજા અને દંડ –– કોગ્નિઝેબલ –– બિન–જામીનપાત્ર –– સત્રની અદાલત

આ કામે આરોપીઓ વિરુધ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬ તથા ૫૦૬(૨)** મુજબનાં શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત છે ત્યારે **ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ તથા ૫૦૬(૨)** ની રચના ધ્યાને લેતાં નીચે મુજબ છે

**ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ :–**

ઈ. પી. કો. કલમ–૫૦૪ સુલેહભંગ કરવા ઉશ્કેરાવાનાં ઈરાદાથી અપમાન–ઉશ્કેરાઇ જઇને કોઇ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઇ ગુન્હો કરી બેસે તેવા ઈરાદાથી અથવા કોઇ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કોઇ ગુન્હો કરી બેસશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં, કોઈ પણ વ્યકિત, ઈરાદાપૂર્વક અન્ય કોઇ વ્યકિતનું અપમાન કરીને, તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંન્ને સજા કરવામાં આવશે.

આવશ્યક તત્વો–

(૧) આરોપીએ ઈરાદાપૂર્વક કોઇ વ્યકિતનું અપમાન કર્યુ,

(૨) તેમ કરીને આરોપી તે વ્યકિતને ઉશ્કેરવા માંગતી હતી,

(૩) આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) :–**

જે કોઈ ફોજદારી ધાકધમકીનો ગુનો કરે છે તેને બે વર્ષ સુધીની મુદત માટે કોઈપણ વર્ણનની કેદ અથવા દંડ અથવા બંને સાથે શિક્ષા કરવામાં આવશે; જો ધમકી મૃત્યુ અથવા ગંભીર ઈજા પહોંચાડવાની હોય, વગેરે – અને જો ધમકી મૃત્યુ અથવા ગંભીર ઈજા પહોંચાડવાની હોય, અથવા આગ દ્વારા કોઈપણ મિલકતના વિનાશનું કારણ બને, અથવા મૃત્યુ અથવા આજીવન કેદની સજાને પાત્ર ગુનાનું કારણ બને, સાત વર્ષ સુધીની મુદત માટે કેદની સજા અથવા સ્ત્રીને અપવિત્રતાનો આરોપ લગાવવા માટે, સાત વર્ષ સુધી લંબાવવામાં આવતી મુદત માટે કોઈપણ વર્ણનની કેદ અથવા દંડ અથવા બંને સાથે સજા કરવામાં આવશે.

(૧૩) આ આમ, **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન) તથા ૩૭૬(૩)** માં ગુનાઓ વ્યાખ્યાયીત કરવામાં આવેલ છે. તેવી જ રીતે

**પોક્સો એકટ ૨૦૧૨ ની કલમ–૪,૬,૮,૧૨,૧૭** વંચાણે લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

**Sec. 4. Punishment for Penetrative sexual assault**

Whoever commits penetrative sexual assault shall be punished with imprisonment Punishment of either description for a term which shall not be less than seven years but which may extend to imprisonment for life , and shall also be liable to fine . Further, sec .6 of the Protection of Children from Sexual Offences Act, 2012 prescribes punishment for aggravated penetrative sexual assault , which reads as under :

**Sec.6. Punishment for aggravated penetrative sexual assault**

Whoever, commits aggravated penetrative sexual assault , shall be punished with rigorous imprisonment for a term which shall not be less than ten years but which may extend to imprisonment for life and shall also be liable to fine.

**Section 8. Punishment for sexual assault.**

Whoever, commits sexual assault, shall be punished with imprisonment of either description for a term which shall not be less than three years but which may extend to five years, and shall also be liable to fine.

**Section 12. Punishment for sexual harassment.**

Whoever, commits sexual harassment upon a child shall be punished with imprisonment of either description for a term which may extend to three years and shall also be liable to fine.

**Section** 17. **Punishment for abetment**.

Whoever abets any offence under this Act, if the act abetted is committed in consequence of the abetment, shall be punished with punishment provided for that offence.

Explanation.-- An act or offence is said to be committed in consequence of abetment, when it is committed in consequence of the instigation, or in pursuance of the conspiracy or with the aid, which constitutes the abetment.

**ફરીયાદપક્ષનો પુરાવો :-**

**(૧૪) ફરીયાદી/ભોગબનનારના પિતાની જુબાની :-**

ફરીયાદપક્ષે **આંક-૨૯** થી **ફરીયાદી ભોગબનનારના પિતા**ને તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, ભોગબનનાર મોટી દીકરી હોવાનું, ૧૫ વર્ષની હોવાનું, ૭ ધોરણ ભણેલી, બનાવના દિવસે દૂધ ભરવા માટે ડેરીએ ગયેલી, મોડે સુધી આવેલી નહી તેથી તપાસ કરેલી અને વાતો કરતી જાણેલ કે, પટેલને ત્યાં કામ કરતા આરોપી અરવિંદભાઇ લઇ ગયેલ. તેના ઘરે તપાસ કરતા ઘર બંધ હતુ. ૧૦ દિવસ બાદ તપાસ કરતા તેના પિતા મળેલા ગાળો દીધેલ. ધમકી આપેલી.ચારેક વર્ષ બાદ પોલીસ પકડી લાવેલી અને અમે પુછતા તેણીએ કાઇ વાત કરેલ નહી નું જણાવેલ છે. **ઉપરોકત ફરીયાદી ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોય ફરીયાદપક્ષે તેમને હોસ્ટાઇલ જાહેર કરવાની માંગણી કરતા અને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા**

**છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી.** જયારે ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, તેઓ તથા તેના સગાસંબંધી ફરીયાદ માટે ગયેલા. શંકાના આધારે ફરીયાદ આપેલી. ૨૨–૨૩ વર્ષે લગ્ન થયેલ. દોઢ વર્ષ પછી ભોગબનનારનો જન્મ થયેલ. બનાવ અંગે ભોગબનનાર સાથે કોઇ વાત થયેલ નથી. શંકાના આધારે ફરીયાદ આપેલી. કોઇ ધાક ધમકી કે ગાળો આપેલ નથી. પોલીસે માત્ર નામ સરનામુ પુછેલ નું જણાવેલ છે.

**(૧૫) ફરીયાદી/ભોગબનનારના માતાની જુબાની :–**

ફરીયાદપક્ષે **આંક–૫૬** થી **ભોગબનનારના માતા**ને તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, ભોગબનનાર મોટી દીકરી હોવાનું, ૧૭ વર્ષની હોવાનું, ૭ ધોરણ ભણેલી, બનાવના દિવસે દૂધ ભરવા માટે ડેરીએ ગયેલી, ઘરે આવેલી નહી તેથી તપાસ કરેલી અને આરોપીના ઘરે તપાસ કરતા કાઇ જાણતા નહી હોવાનુ જણાઇ તેનો ભાઇ લાકડી લઇ મારવા દોડેલ, ગાળો આપી, ધમકી આપેલી. ચારેક વર્ષ બાદ પોલીસ પકડી લાવેલી અને અમે પુછતા તેણીએ જણાવેલ કે રાધનપુર બાજુ આરોપી લઇ ગયેલ અને મારઝુડ કરતો હતો અને એક બાળક થયેલનું પણ જણાવેલ છે. જયારે ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, આરોપી સાથે ભોગબનનારને પ્રેમસંબંધ હતો. બનાવ વખતે ઘરમાં ઝગડો થયેલ અને તેણીની સગાઇ કરેલ તે પસંદ ન હતી અને હાલમાં બીજી જગ્યાએ વળાવી દીધેલ છે. પોલીસને કઇ લખાવેલ નથી. ભોગબનનારે કાઇ જણાવેલ નથી નું જણાવેલ છે.

## (૧૬) ભોગબનનારની જુબાની :–

ફરીયાદપક્ષે **આંક–૫૭** થી ભોગબનનારને તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેણીની જન્મ તારીખ ૧/૧૨/૨૦૦૩ છે. આરોપી સાથે પ્રેમસંબંધ હોવાનું, બનાવના દિવસે દુધ ભરવા ગયેલ ત્યારે આરોપી અરવિંદભાઇ બાઇક પર બેસાડી લઇ ગયેલ. બે વર્ષ ત્યા રોકાયેલ. સારી રીતે રાખતો. એક બાળકનો જન્મ થયેલ. તે પહેલા એક બાળક ગુજરી ગયેલ. મરજીથી શારીરિક સંબંધ બાંધતા. ડોકટરને માતાએ હિસ્ટ્રી લખાવેલ વગેરે હકીકત જણાવેલ છે .જયારે ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, મારા માતાપિતા બીજે સંબંધ કરતા હોય મને ગમતું નહી જેથી ઘરેથી નીકળી ગયેલી. પોલીસ પકડી લાવ્યા બાદ બીજે લગ્ન કરી લીધેલ. આરોપી ભગાડીને લઇ ગયેલ નથી. કાઇ ખોટું કામ કરેલ નથી.ઉંમર થયા બાદ શારીરિક સંબંધ બાંધેલો. પોલીસને કાઇ કીધેલ નથી. પોલીસ અને માતાના કહેવા મુજબ નિવેદનો આપેલા. ડોકટરને કાઇ કીધેલ નથી. જન્મ તારીખ ચોકકસ યાદ નથી. જન્મ ઘરે થયાનું જણાવેલ છે.

## (૧૭) સરકારી સાહેદની જુબાની :–

ફરીયાદપક્ષે **આંક–૫૩** થી **સાહેદ શાળાના આચાર્ય એમ.વી.લુહાર**ને તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેઓ પ્રાથમિક શાળા મેઘરજ ખાતે ફરજ બજાવતા હોવાનું અને શાળાના જન્મ રજીસ્ટર ના ઉતારાની નકલ લાવેલ હોવાનું અને ભોગબનનારની જન્મ તારીખ ૧૧/૧૨/૨૦૦૩ હોવાનું વગેરે હકીકત જણાવેલ છે જયારે ઉલટતપાસમાં ભોગબનનાર શાળામાં પહેલેથી ભણેલ નથી.અગાઉની

શાળામાંથી ભણવા માટે એલ.સી. સાથે આવેલા. ગામડામા લોકો અંદાજે જન્મ તારીખ લખાવતા હોવાનું જણાવેલ છે.

## (૧૮) મેડીકલ પુરાવો :–

ફરીયાદપક્ષે **આંક–૧૦** થી **તબીબી સાહેદ ડો.એન.બી.પટેલ**ને તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તા.૨૬/૦૪/૨૦૨૩ નારોજ ફરજ પર હતા ત્યારે આરોપીને શારીરિક તપાસણી માટે લાવેલા અને તેમણે પ્રમાણપત્ર મુજબ હિસ્ટ્રી લખેલી.તેમણે આરોપીના લાળ, નખ, ગ્લાન્સવોશ, પ્યુબીક હેર, લોહી, વીર્યના નમુના લીધેલ તથા તે અંગેનું સર્ટીફીકેટ આપેલાનું જણાવેલ છે.

ઉપરોકત દિવસે ભોગબનનારને પણ તપાસેલ હતા.તેણી સભાન અવસ્થામાં હતી. તેણીના ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાન ન હતા. જરુરી નમુના લીધેલાનું જણાવેલ છે.પ્રમાણપત્ર મુજબ હિસ્ટ્રી જણાવેલ.દોઢ વર્ષનું બાળક હોવાનું જણાવેલ છે. જયારે ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે ભોગબનનાર અને આરોપી પોલીસ યાદી સાથે આવેલા અને તેમના નામ તેમાં લખેલ હતા અને ભોગબનનારને આંતરીક કે બાહ્ય ઈજા જોવા મળેલ નહી.

**આંક–૨૦** થી **ડો.એમ.ડી.પટેલને** તપાસેલ છે.તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તા.૨૭/૦૪/૨૦૨૩ નારોજ ફરજ પર હતા ત્યારે ભોગબનનારને શારીરિક તપાસણી માટે રીફર યાદી સાથે લાવેલા.તેમને આંતરીક કે બાહ્ય ઈજા જોવા મળેલ નહી. યોનીપટલ તુટેલ હતુ.દોઢ વર્ષનું બાળક હતુ અને ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે ભોગબનનારના શરીર પર

કોઇ ગુપ્તભાગે સોજો ઈજા જોવા મળેલ નહી અને યોનીપટલ તુટવાના ઘણા કારણો હોઇ શકે.

**(૧૯) પંચ સાહેદની જુબાની :–**

ફરીયાદપક્ષે **આંક–૫૦** થી **પંચ વાય.બી.પટેલને** તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેઓએ ભોગબનનારે બનાવ વખતે પહેરેલ કપડા રજુ કરેલા તે બાબતે પંચનામુ કરવામાં આવેલ તેમજ તે દિવસે આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડા રજુ કરેલા તે બાબતે પંચનામુ કરવામાં આવેલ તેમજ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, બજારમાંથી આવા કપડા સહેલાઈથી મળી શકે છે જયારે અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

**(૨૦) પોલીસ સાહેદોની જુબાની :—**

આ કામે ફરિયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામના પોલીસ સાહેદ શ્રી **એસ.એચ.શર્મા**ને આંક–૫૯ થી તપાસેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે ફરીયાદ તેમના રૂબરૂ લીધેલી.

ત્યારબાદ **ત.ક.અ. શ્રી એમ.ડી.પંચાલ ને આંક–૬૧** થી કોર્ટ સમક્ષ સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેઓને આ કામની તપાસ સોંપાતા, સાહેદોના નિવેદન લીધે, પંચનામા કરેલ, યાદીઓ કરેલ જણાવેલ છે. જે દસ્તાવેજો **આંક–૬૨ થી ૬૬** રજુ હોવાનુ જણાવેલ છે.જયારે ઉલટતપાસમાં જણાવેલ છે કે તેઓએ ફરીયાદી તથા તેમના પત્નીના નિવેદન લીધેલ અને તેમાં ભોગબનનારને આરોપી ભગાડી લઈ ગયેલ હોય, મરજુ વિરુદ્ધ બળાત્કાર કરેલ હોય, તેવું જણાવેલ નથી તેમજ ભોગબનનાર આરોપી સાથે રહેવા માંગતા હોવાનુ અને લગ્ન કરેલ હોવાનુ

જણાવેલ છે. અને ભોગબનનારને પણ મરજી વિરુદ્ધ બળજબરીથી આરોપીએ શરીર સુખ માણેલ કે લગ્નની લાલચ આપેલ હોય તેવી કોઇ હકીકત નહી લખાવેલ હોવાનું જણાવેલ છે.

આમ, ઉપરોકત રેકર્ડ પરનો પુરાવો ધ્યાને વંચાણે લેતાં આ કામે મહત્વના કહી શકાય તેવા ફરીયાદી કે જેઓએ ભોગબનનારની જન્મ તારીખ યાદ નહી હોવાનું, ૧૫ વર્ષની હોવાનું અને ભોગબનનારે કોઇ વાત જણાવેલ નહી હોવાનું જણાવેલ છે. તેઓ હોસ્ટાઇલ જાહેર થયેલ છે અને ઉલટતપાસમાં પણ ૨૨-૨૩ વર્ષે તેના લગ્ન થયેલ, દોઢ વર્ષે ભોગબનનારનો જન્મ થયેલ, શંકાના આધારે ફરીયાદ આપેલ, આરોપીએ કોઇ ગાળો આપેલ નથી. પોલીસે માત્ર નામ સરનામુ પુછેલ વગેરે હકીકતો જણાવેલ છે. તે જ રીતે ભોગબનનારની માતા આંક-૫૬ નાએ પણ ભોગબનનાર ૧૭ વર્ષની હોવાનું, અને આરોપી લઇ ગયેલ, મારઝુડ કરેલ,એક બાળક હોવાનુ જણાવેલ છે એટલુ જ નહી ભોગબનનારને આરોપી સાથે સંબંધ હોવાનુ જણાવેલ. ભોગબનનારને આરોપી સાથે ઝગડા થયેલા અને ભોગબનનારની સગાઇ કરેલ તે તેણીને ગમતુ નહી હોવાનું, ઉંમર થયા બાદ ભોગબનનારે આરોપી સાથે લગ્ન કરી લીધેલા, ૭ વર્ષે ભણવા મોકલેલ, પોલીસને કાઇ લખાવેલ નહી હોવાનું જણાવેલ છે. આંક-૫૭ થી ભોગબનનારને તપાસેલ છે. તેણીએ જન્મ તારીખ ૧/૧૨/૨૦૦૩ હોવાનુ જણાવેલ છે.આરોપી સાથેના સંબંધથી બાળક થયેલ. મરજીથી શારીરિક સંબંધ બાંધેલા. મેજિસ્ટ્રેટ કે ડોકટરને પોતે હિસ્ટ્રી નહી લખાવેલ હોવાનુ તથા તેણીના માતાપિતા બીજે સંબંધ કરવા માંગતા હોય ગમતું નહી. તેણીએ બીજે લગ્ન કરી લીધેલ છે.

આરોપીએ કાઇ ખોટું કામ કરેલ નથી. ઉંમર થયા બાદ શારીરિક સંબંધ બાંધેલ અને બધુ મરજીથી કરેલ. જન્મ તારીખ યાદ નહી હોવાનુ જણાવેલ છે.

આમ, ઉપરોકત પુરાવો ધ્યાને લેતાં ફરીયાદી ભોગબનનારના પિતા છે તેને ભોગબનનારનસ જન્મ તારીખ યાદ નથી. પોતે ૨૨–૨૩ વર્ષે લગ્ન કરેલ અને તેના દોઢ વર્ષ બાદ ભોગબનનારનો જન્મ થયેલાનું જણાવેલ છે. ભોગબનનારની માતાએ ૧૭ વર્ષની હોવાનુ જણાવેલ છે.ભોગબનનાર પોતે પુખ્ત ઉમરના હતા પછી આરોપી સાથે લગ્ન કરેલા અને એક બાળક હોવાનુ અને હાલ બીજે લગ્ન કરી લીધેલ હોવાનુ જણાવેલ છે. તે રીતે ભોગબનનાર બનાવ વખતે સગીર વયના હોવાનુ પુરવાર થતુ નથી. તેમજ ઉપરોકત સાહેદોએ ઉલટતપાસમા પણ આરોપી તરફે કોઇ ધાક ધમકી કે ગાળો આપેલ નહી હોવાનું અને આરોપીએ કોઇ શારીરિક સંબંધ મરજી વિરુદ્ધ બાંધેલ હોવાનુ ભોગબનનારની સાથે ઝગડા થતા અને તેણીની સગાઇ બીજે કરતા ગમતુ નહી હોવાથી જતી રહેલ. શંકાના આધારે ફરીયાદ આપેલ. ભોગબનનાર પોતે કોઇ હિસ્ટ્રી કોઇને લખાવેલ નહી હોવાનુ જણાવેલ છે. એટલું જ નહી તપાસેલ ત.ક.અમલદારે પણ ફરીયાદી તથા તેના પત્નીએ આરોપીએ ભોગબનનાર સાથે કોઇ શારીરિક સંબંધ બાંધેલ હોય કે ભગાડીને લઇ ગયેલ હોય કે લગ્નની લાલચ આપેલ હોય તેવી હકીકત લખાવેલ નહી હોવાનુ તથા ભોગબનનારે મરજીથી આરોપી સાથે લગ્ન કરેલ હોવાનુ લખાવેલ હોવાનુ સ્વીકારેલ હોય તે રીતે મહત્વના ફરીયાદી હોસ્ટાઇલ જાહેર થયેલ છે અને જયારે ભોગબનનાર પોતે ડોકટર કે મેજિસ્ટ્રેટ રુબરુ કોઇ હકીકત નહી જણાવેલનું જણાવતા હોય તે સંજોગોમાં મેડીકલ પુરાવાને સમર્થન મળતુ ન હોય અને અન્ય પોલીસ સાહેદની જુબાની હોય ભોગબનનાર સ્ટાર વિટનેસ

હોસ્ટાઇલ જાહેર થયેલ હોય ફરીયાદી ઉલટતપાસમાં તેના કેસની હકીકતને સમર્થન આપતા ન હોય ભોગબનનાર સગીર હોવાનુ નિ:શંકપણે પુરવાર થતુ ન હોય ફરીયાદપક્ષનો કેસ નિ:શંકપણે પુરવાર થતો ન હોય આરોપી સામેની ગુનાની સાંકળ મળતી ન હોય રેકર્ડ પરનો પુરાવો બંને પક્ષકારોની દલીલો, હકીકત સંજોગો વિગેરે ધ્યાને વંચાણે લેતા **મુદા નં.૧** નો જવાબ **નકારમાં** ઠરાવી મુદા નં.ર તથા ૩ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

૧. **પોક્સો કેસ નંબર ૪૨/૨૦૨૩** ના કામે આરોપી **અરવિંદભાઇ સાયબાભાઇ દોઢીયાર,** ઉ.વ.૨૬ રહે.નવી વાંક તા.મેઘરજ જી.અરવલ્લી નાઓને **ભારતીય દંડ સંહિતાની કલમ:- ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા પોક્સો એકટની કલમ-૪, ૬, ૮, ૧૨, ૧૭** મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી સી.આર.પી.સી.ની કલમ-૨૩૫(૧) અન્વયે **નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.**

૨. **પોક્સો કેસ નંબર ૧૨/૨૦૨૧** ના કામે આરોપી **કેશાભાઇ લેબાભાઇ દોઢીયાર,** ઉ.વ.પર રહે.નવી વાંક તા.મેઘરજ જી.અરવલ્લી નાઓને **ભારતીય દંડ સંહિતાની કલમ:- ૩૬૩, ૩૬૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા પોક્સો એકટની કલમ-૮, ૧૨, ૧૭** મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી સી.આર.પી.સી.ની કલમ-૨૩૫(૧) અન્વયે **નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.**

**૩.** આરોપીએ સી.આર.પી.સી. કલમ–૪૩૭(એ) અન્વયે અપીલ પીરીયડ સુધીના અત્રેની કોર્ટ સમક્ષ રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા જાતજામીન આપવાના રહેશે.

**૪.** મુદ્દામાલનો અપીલ સમયે પુરો થયે નાશ કરવા હુકમ કરવામાં આવે છે.

**૫.** ચુકાદાની એક નકલ પોકસો કેસ નંબર– ૧૨/૨૦૨૧ માં મુકવી.

હુકમ આજરોજ તા.૦૩ મી, માહે: ઓગષ્ટ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૦૩/૦૮/૨૦૨૬
મોડાસા

**(કમલેશ કિશોરકાંત શુકલ)**
સ્પેશ્યલ જજ–પોક્સો
અરવલ્લી જીલ્લા, મોડાસા
જજ કોડ જીજે૦૦૫૪૭

જે.બી.રાઠોડ

## Appendix

**[As per Direction of Hon'ble Apex Court in case of Manoj Jethabhai Parmar v/s State of Gujarat in Criminal Appeal No.**2973/2023]

### [A] Specimen Chart for Witnesses Examined:–

| Prosecution Witness No. | Name of Witness | Description |
|---|---|---|
| ૧. | ડો.નિધીબેન ભરતકુમાર પટેલ | તબીબી સાહેદ |
| ૨. | ડો.મેહુલભાઇ દેવકરણભાઇ પટેલ | તબીબી સાહેદ |
| ૩. | ભોગબનનારના પિતા | ફરીયાદી |
| ૪. | યામીનીબેન ભરતભાઇ પટેલ | પંચસાહેદ |
| ૫. | લુહાર મહંમદહુસેન વજીરભાઇ | શાળાના આચાર્ય |
| ૬. | શારદાબને રમેશભાઇ ખાંટ | ભોગબનનારની માતા |
| ૭. | ભોગબનનાર | ભોગબનનાર |
| ૮. | એસ.એચ.શર્મા | પોલીસ સાહેદ |
| ૯. | એમ.ડી.પંચાલ | ત.ક.અમલદાર |

### [B] Specimen Chart for Exhibited Documents:–

| Exhibit No. | Description of the Exhibit | Proved by/ Attested by |
|---|---|---|
| ૧૧ | આરોપીનું શારીરીક તપાસણી માટેની યાદી | સાહેદ નં.૧ |
| ૧૨ | આરોપીના કેસ પેપર | સાહેદ નં.૧ |
| ૧૩ | એફ.એસ.એલ. ફોરવડીંગ લેટર | સાહેદ નં.૧ |

| | | |
|---|---|---|
| ૧૪ | આરોપીનું શારીરીક તપાસણી સર્ટીફીકેટ | સાહેદ નં.૧ |
| ૧૫ | ભોગબનનારનું શારીરીક તપાસણી માટેની યાદી | સાહેદ નં.૧ |
| ૧૬ | ભોગબનનારના કેસ પેપર | સાહેદ નં.૧ |
| ૧૭ | એફ.એસ.એલ. ફોરવડીંગ લેટર | સાહેદ નં.૧ |
| ૧૮ | ભોગબનનારનું શારીરીક તપાસણી સર્ટીફીકેટ | સાહેદ નં.૧ |
| ૧૯ | રીફર શીટ | સાહેદ નં.૧ |
| ૨૨ | ભોગબનનારનું શારીરીક તપાસણી માટેની યાદી | સાહેદ નં.૨ |
| ૨૩ | ભોગબનનારના કેસ પેપર | સાહેદ નં.૨ |
| ૨૪ | ભોગબનનારનું શારીરીક તપાસણી સર્ટીફીકેટ | સાહેદ નં.૨ |
| ૩૦ | ફરીયાદ | સાહેદ નં.૩ |
| ૫૧ | આરોપીની શરીર સ્થિતીનું પંચનામું | સાહેદ નં.૪ |
| ૫૨ | ભોગબનનનરની શરીર સ્થિતીનું પંચનામું | સાહેદ નં.૪ |
| ૫૪ | ભોગબનનારનો શાળાનો દાખલો | સાહેદ નં.૫ |
| ૫૫ | શાળાના જનરલ રજીસ્ટરની નકલ | સાહેદ નં.૫ |
| ૫૮ | સી.આર.પી.સી.ની કલમ ૧૬૪ મુજબનું ભોગબનનારનું નિવેદન | સાહેદ નં.૭ |
| ૬૦ | સુચિપત્ર | સાહેદ નં.૮ |
| ૬૨ | કલમ ઉમેરાનો રીપોર્ટ | સાહેદ નં.૯ |

| | | |
|---|---|---|
| ૬૩ | મુદ્દામાલ રવાનગીપત્રક | સાહેદ નં.૯ |
| ૬૪ | મુદ્દામાલ મળ્યાની પહોંચ | સાહેદ નં.૯ |
| ૬૫ | એફ.એસ.એલ. ફોરવડીંગ લેટર | સાહેદ નં.૯ |
| ૬૬ | બાયોલોજી અને સીરોલોજી પૃથ્થકરણ અહેવાલ | સાહેદ નં.૯ |

**[C] Specimen Chart for Material Objects/Muddamals:-**

| Material Objects No. | Description of the Exhibit | Proved by/ Attested by |
|---|---|---|
| – | – | – |
| – | – | – |